હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

રમકડા નથી જોઈતા, આપવું જ હોય તો, તમારો આ કોટ આપતા જાવ...!!

ગુજરાતની સૌપ્રથમ સાયન્સ ફિકશન ફિલ્મનું ટ્રેલર લોન્ચ

ગાંધીનગર,તા. ૨૬

ગુજરાતની સૌપ્રથમ અને કંઈક અલગ પ્રકારના વિષયવસ્તુ સાથે આવી રહેલી સાયન્સ ફિકશન ફિલ્મ શોર્ટ સર્કીટનું ટ્રેઈલર આજે અમદાવાદમાં લોન્ચ કરવામાં આવ્યું હતું, જેને લઈ ફિલ્મના કલાકારો હીરો ધ્વનિત ઠાકર(જાણીતા રેડિયો જોકી), હીરોઈન કિંજલ રાજપ્રિય, ડિરેકટર ફૈઝલ હાશમી, સ્ટેન્ડ અપ કોમેડિયન સ્મિત પંડયા સહિતની સ્ટાર કાસ્ટ શહેરની મુલાકાતે આવ્યા હતા. આ પ્રસંગે શોર્ટ સર્કિટ ફિલ્મના હીરો ધ્વનિત ઠાકર અને હીરોઈન કિંજલ રાજપ્રિયએ જણાવ્યું હતું કે, ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના ઈતિહાસમાં સૌપ્રથમવાર આ પ્રકારની સાયન્સ ફિકશન ફિલ્મ આવી રહી છે, જે લોકોને બહુ ગમશે. આ એક સાયન્સ ફિકશન પર આધારિત થ્રીલર ફિલ્મ છે, જેની સ્ટોરી કંઈક અલગ જ અને ફિલ્મના અંત સુધી પબ્લીકને જકડી રાખે તેવી છે. સૌથી નોંધનીય વાત એ છે કે, આ ફિલ્મમાં સાયન્સ ફિકશનને લઈ ડિરેકટર ફૈઝલ શાહથી લઈ કલાકારો અને તમામ ટીમે બહુ મહેનત કરી છે. આ સૌપ્રથમ એવી ગુજરાતી ફિલ્મ છે કે, જેનું ટોટલી ઓડિયો મીકસીંગ દક્ષિણ ભારતમાં દેશના ખ્યાતનામ સીંગર અને સંગીતકાર એ.આર.રહેમાનના સ્ટુડિયોમાં થયું છે. એટલું જ નહી, સૌપ્રથમવાર શોર્ટ સર્કિટમાં ફિલ્મના તમામ વીએફ એકસનું કામ ગુજરાતમાં જ પૂર્ણ કરાયું છે. જે ગૌરવ અને આનંદની વાત કહી શકાય. ઘણા સમય પછી ગુજરાતની પ્રજાને બહુ અદ્‌ભુત અને જબરદસ્ત ફિલ્મ જોવા મળશે, જે ઘણી સફળ રહેશે એવી અમને આશા છે. શોર્ટ સર્કિટ ફિલ્મમાં બહુ જ અલગ પ્રકારનો રોલ કર્યો હોવાથી લોકો હવે તેને આરજે ધ્વનિતના બદલે એકટર ધ્વનિત ઠાકર તરીકે ઓળખશે તેવી આશા વ્યકત કરતાં ધ્વનિતે વધુમાં જણાવ્યું કે, આ ફિલ્મના એકશન સીન માટે તેણે ઘણી મહેનત કરી છે, જે દરમ્યાન તેને વાગ્યુ પણ છે અને ફ્રેકચર પણ થયું છે. તેણે આ ફિલ્મમાં કંઈક અલગ અને નવું કરવાનો પ્રયાસ કર્યો છે. મારા માટે આ ફિલ્મનો અભિનય અને રોલ પડકારજનક હતો. કારણ કે, લોકો મને આરજેમાંથી એકટર તરીકે ઓળખે તે માટેનો મારો બહુ મહેનતભર્યો આ પ્રયાસ છે.

મનપાના કાનૂની વિવાદમાં હવે વધુ સુનાવણી ૧૦મી જાન્યુઆરીએ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગર પાલિકાના કાનૂની વિવાદમાં સુનાવણી હવે ૧૦મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ હાથ ધરવામાં આવશે.

આજે રાજયની વડી અદાલતમાં નામદાર ન્યાયમૂર્તિ પારડીવાલા સા.ની કોર્ટમાં આ વિવાદની સુનાવણી બપોર બાદ શરુ કરાઈ હતી પરંતુ થોડીક દલીલો પછી તુરત જ ૧૦મી જાન્યુઆરીની મુદત આપવામાં આવી હતી.

આ કાનૂની વિવાદમાં હવે ૧૦મી જાન્યુઆરીની મુદત આવતાં આગામી ૧લી જાન્યુઆરીના રોજ મનપાની સામાન્ય સભા વર્તમાન મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળશે તેવું ચિત્ર ઉપસ્યું છે.

ગાંધીનગર શહેરમાં મનપાનો કાનૂની વિવાદ છેલ્લા થોડાક સમયથી લોકજીભે ચર્ચાનો મુદ્દો બન્યો છે. ચૂંટણી પ્રક્રિયા મેયર-ડે. મેયર અને સ્થાયી સમિતિની સંપન્ન થયાને પણ બે માસ જેટલો સમય થવા આવ્યો છે. જો કે હજુ ચૂંટણીનું સત્તાવાર પરિણામ જાહેર થયું નથી જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા સે-૨૧ કમલમ કાર્યાલય ખાતે અટલજીના જન્મદિવસ નિમિત્તે પુષ્પાંજલી તેમજ સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તબક્કે મહાનગર ભાજપના હોદેદારો ઉરેન પટેલ, કેતન પટેલ સુરેશ મહેતા કર્તિભાઈ પટેલ, મણીબેન દેસાઈ, પલ્લવીબેન પરીખ, નિલેશભાઈ પટેલ સહીત વિવિધ વોર્ડના પ્રમુખો સહીત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શાહપુર પ્રાથમિક શાળામાં ડિઝીટલ ઓનલાઈન એક્ઝામનો નવતર પ્રયોગ

ગાંધીનગર, તા.૨૬

જી.સી.ઈ.આર.ટી અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા ચોથા એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટીવલ નું આયોજન તા. ૨૦-૨૧ ડીસેમ્બરના રોજ કરવામાં આવેલ હતું. આ ફેસ્ટીવલમાં જિલ્લાના શિક્ષકોએ શાળામાં બાળકો માટે કરેલ નવતર પ્રયોગો રજુ કરવામાં આવ્યા હતા.

જેમાં શાહપુર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક શ્રી અશ્વિનભાઈ પ્રજાપતિ દ્વારા ડિઝીટલ ઓનલાઈન એક્ઝામનો નવતર પ્રયોગ રજુ કરવામાં આવ્યો હતો.

સરકારશ્રી દ્વારા જ્ઞાનકુંજ પ્રોજેક્ટ હેઠળ શાળામાં ૧૦૦ ટેબ્લેટ આપવામાં આવેલ છે. જેનો ઉપયોગ શાળાના વિદ્યાર્થીઓ વિષય શિક્ષણ દરમ્યાન સ્માર્ટ ક્લાસમાં કરે છે. શાળામાં ઉપલબ્ધ ટેબ્લેટ ફક્ત સ્માર્ટ ક્લાસ પૂરતા સીમિત ના રહે અને આ ટેબ્લેટનો અન્ય શૈક્ષણિક ઉપયોગ થાય તે હેતુ થી શ્રી અશ્વિનભાઈ પ્રજાપતિ દ્વારા શાળામાં ડિઝીટલ ઓનલાઈન એક્ઝામની રચના કરવામાં આવી છે.

ગાંધીનગરના જાણીતા અભિનેત્રી પ્રાંજલ ભટ્ટ VNPના બ્રાન્ડ એમ્બેસેડર બન્યા

ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય અભિનેત્રી પ્રાંજલ ભટ્ટને વલસાડ નગરપાલિકાએ સ્વચ્છતા અભિયાનની પ્રચાર કામગીરી માટે બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત હાલમાં રાષ્ટ્રીયસ્તરે સ્વચ્છતા અભિયાનનું સર્વેક્ષણ કાર્ય ચાલી રહયું છે ત્યારે વલસાડ નગરપાલિકાએ સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા માટે ફિલ્મક્ષેત્રના કલાકારોમાંથી લોકપ્રિય કલાકાર પ્રાંજલ ભટ્ટ ની પસંદગી કરી બ્રાન્ડ એમ્બેસેડર બનાવતા ઉત્તર ગુજરાતનું સાંસ્કૃતિક કલાક્ષેત્ર ગૌરવાન્વિત થયું છે.

પર્યાવરણ અને વૃક્ષ ઉછેર માટે જાગૃત રહેલા વલસાડવાસીઓને સ્વછતા અભિયાનમા જોડાવા અભિનેત્રી પ્રાંજલ ભટ્ટે રવિવારે મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમા બ્રાન્ડ

એમ્બેસેડરની કામગીરીનો પ્રારંભ સ્વચ્છતા રેલીના નેતૃત્વથી કરી નગરજનોને સ્વચ્છતાનું મહત્વ સમજાવી શહેરને સ્વચ્છ રળિયામણું બનાવવા અસરકારક સંદેશ આપ્યો હતો.

ભક્તિ સંગીત, રાસગરબા, લોકગીતોના સીડી આલ્બમોની સાથે સાથે ગુજરાતી ફિલમોમા અભિનય કરી શ્રેષ્ઠ અભિનેત્રીના એવોર્ડ પુરસ્કારોથી સન્માનીત થઈ પોતાની અભિનય કારકિર્દીને ગૌરવપદ બનાવનાર પ્રાંજલ ભટ્ટ કડી ના વતનીછે. કડી નગરપાલિકાએ વર્ષ ૨૦૦૭માં મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની વિશેષ ઉપસ્થિતિમા આયોજિત કરેલા સન્માન સમારોહમાં ગૌરવવંતા કલાકાર પ્રાંજલ ભટ્ટને નગર રત્ન તરીકે સન્માનીત કરેલ છે.

વનપાના બ્રાન્ડ એમ્બેસેડર પદે નિયુકત થયેલા અભિનેત્રી પ્રાંજલ ભટ્ટને મુખ્યમંત્રીશ્રીના ધર્મપત્ની શ્રીમતી અંજલિબેન રૂપાણી અને વડોદરાના સંસદસભ્ય રંજનબેન ભટ્ટ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામા આવી છે.

ગાંધી વૈશ્વિક સૌર યાત્રા આરંભાઈ

ગાંધીનગર,તા.૨૬

આજે દુનિયા આખીમાં ઊર્જાની ખેંચ વર્તાઈ રહી છે ત્યારે નીતિના ઘડવૈયાઓ એક બાજુ માથા દીઠ ઊર્જાના વધતા ઉપભોગને ઓછો કરવા ભાર આપી રહ્યા છે ત્યારે વૈકલ્પિક રીતે હવામાન પરિવર્તનને દૂર કરવાનું પડકારજનક થઈ ગયું છે. હવામાન પરિવર્તનનાં જીવલેણ પરિણામો આવી શકે છે, જેથી દુનિયા આખી ફક્ત ૩૧ વર્ષમાં, એટલે કે, ૨૦૫૦ સુધી ૧૦૦ ટકા નવીનીકરણક્ષમ ઊર્જા અપનાવવા માગે છે, એ મતલબનો ઘટસ્ફોટ ૨૦૧૮ના આઈપીસીસીના અહેવાલમાં સામે આવ્યો છે ત્યારે આ પરિપ્રેક્ષ્યમાં આઈઆઈટી બોમ્બેના પ્રો. ચેતન એસ. સોલંકીએ ભારત સહિત સમગ્ર વિશ્વભરમાં સૌર ઊર્જાના પ્રચલન માટે એક અનોખુ અભિયાન છેડયું છે અને તેના ભાગરૂપે તેમણે મહાત્મા ગાંધીએ જે પ્રકારે ગ્રામ સ્વરાજની હાકલ કરી હતી તે જ રીતે ગાંધીજીના સિધ્ધાંતો અને આદર્શોને ચરિતાર્થ કરી સૌર સ્વરાજની સ્થાપના માટે ગાંધી વૈશ્વિક સૌર યાત્રાનો આજે સાબમરતી ગાંધી આશ્રમ ખાતેથી પ્રારંભ કર્યો હતો.

અમદાવાદના બહુચર્ચિત બીએમડબલ્યુ હિટ એન્ડ રન કેસના આરોપી

વિસ્મય શાહની હાઈપ્રોફાઈલ પાર્ટીના રંગમાં પોલીસે ભંગ પાડ્યો

અડાલજ પાસે બાલાજી કુટીર બંગલોઝમાં રાત્રે વિસ્મયે તેની પત્ની તથા અન્ય કપલ મિત્રો સાથે સ્કોચ-બીયર અને હુક્કાની પાર્ટી રાખી હતી : બ્રાન્ડેડ વિદેશી દારૂ-બીયર, હુક્કા તથા તેના ફ્લેવર અને મર્સીડીસ કાર સહિત ૪૧.૩૬ લાખના મુદ્દામાલ સાથે ૬ની ધરપકડ : બે સપ્તાહ પહેલાં જ વિસ્મયના થયેલા લગ્ન અને ક્રિસમસની પાર્ટી ગોઠવાઈ હતી

ગાંધીનગર, તા.૨૬

રાજયભરમાં ચકચાર મચાવી દેનાર અમદાવાદના બીએમડબલ્યુ હિટ એન્ડ રન કેસનો આરોપી વિસ્મય શાહ તેની પત્ની તથા કપલ મિત્રો સાથે દારૂ-બિયર, હૂક્કા સહિતની હાઈપ્રોફાઈલ મહેફિલ માણતા ગાંધીનગર પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. મોડી રાત્રે એલસીબી અને અડાલજ પોલીસની ટીમે બાતમીના આધારે અડાલજ પાસે આવેલા બાલાજી કુટીર બંગલો નંબર ૬ માં દરોડો પાડી બે યુવતી સહિત છ શખ્સોને દારૂ અને હુક્કાની મહેફિલ માણતા દબોચી લીધા હતા. અડાલજ પોલીસે તમામ છ આરોપીઓ સામે પ્રોહીબીશનનો તથા હૂક્કાનો ગુનો દાખલ કરી સાંજે કોર્ટમાં રજૂ કર્યા હતા. ગાંધીનગર કોર્ટે આરોપીઓના રિમાન્ડ નામંજૂર કરી તમામના જામીન પણ નામંજૂર કરતા તમામને રાત્રે સેન્ટ્રલ જેલ હવાલે જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા. પોલીસે બંગલામાંથી ઢગલાબંધ દારૂ બિયરની બોટલો તથા હુક્કા અને મર્સીડીસ કાર મળી કુલ રૂ.૪૧.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગત મુજબ વિસ્મય શાહના તાજેતરમાં ૧૩ ડિસેમ્બરે જ લગ્ન થયા હોવાથી લગ્નની અને નાતાલ હોવાથી નાતાલની પાર્ટી ગોઠવવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સૂચનાથી થર્ટી ફસ્ટ ડિસેમ્બરને પગલે હાલ જિલ્લામાં કડક પ્રોહીબીશન ડ્રાઈવ ચાલી રહી છે ત્યારે ગઈકાલે રાત્રે ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે અડાલજથી ઝુંડાલ તરફ જતા રસ્તા પર કેનાલની બાજુમાં આવતા વૈભવી બંગલો બાલાજી કુટિરમાં બંગલા નંબર ૬ માં દારૂ ની મહેફિલ જામી છે. આ બાતમીના આધારે અડાલજ પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ પઢેરીયાને બોલાવીને બંગલા ઉપર સંયુક્ત રીતે દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસ બંગલામાં પહોંચી ત્યારે બંગલાની પાછળ આવેલા સ્વીમીંગ પુલની બાજુમાં કેમ્પ ફાયર ચાલી રહ્યું હતું. ક્રિસમસનું ડેકોરેશન કરવામાં આવેલું હતું અને હાડ થીજાવતી ઠંડીમાં બે યુવતી સહિત છ શખ્સો દારૂ બીયરની મહેફિલ ની સાથોસાથ હુક્કાના દમ મારી રહ્યા હતા. પોલીસે તપાસ કરી તો ખબર પડી કે મહેફિલ માણી રહેલા અન્ય કોઈ નહીં પરંતુ બહુચર્ચિત બીએમડબ્લ્યુ હિટ એન્ડ રન કેસનો સૂત્રધાર વિસ્મય શાહ અને તેની પત્ની સહિત અન્ય કપલ મિત્રો જ હતા. સ્થળ ઉપરથી કેટલીક ખાલી બોટલો તો કેટલીક સીલબંધ બોટલો મળી આવી છે. પોલીસે અડાલજ પોલીસ મથકમાં ગુનો દાખલ કરીને તમામ આરોપીઓની ધરપકડ કરી મહેફીલ માટે પ્રોહિબિશન એક્ટ તથા હુક્કા માટે કોટ્પા એક્ટની વિવિધ કલમ મુજબ ગુનો દાખલ કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓ પાસેથી દારૂ અને બિયર ની ખાલી બોટલો ઉપરાંત ભરેલી બોટલનો મોટા પ્રમાણમાં જથ્થો મળી આવ્યો હતો. દારૂ બિયર તથા હુક્કા અને હુક્કાના ફ્લેવર સહિત જે શખ્સનો બંગલો હતો તેની મર્સીડીસ કાર મળી કુલ રૂ.૪૧,૩૬,૩૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓને વહેલી સવારે અડાલજ ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જઈને બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા હતા. સાંજે તમામ આરોપીઓને ગાંધીનગર કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. જો કે કોર્ટે રિમાન્ડ નામંજૂર કર્યા આ ઉપરાંત આરોપીઓની જામીન અરજી પણ ફગાવી દીધી હતી. અડાલજ પોલીસે રાત્રે તમામ આરોપીઓને સેન્ટ્રલ જેલ હવાલે મોકલી દીધા હતા.

કઈ કઈ બ્રાન્ડનો દારૂ પકડાયો અને કેટલો દારૂ પીધો?

ગાંધીનગર પોલીસે બાલાજી કુટીરમાં દરોડો પાડીને વિસ્મય શાહ સહિત છ શખ્સોને હાઈપ્રોફાઈલ મહેફિલ કરતા પકડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે ત્યારે પોલીસે દરોડો પાડી ત્યાંથી બ્રાન્ડેડ દારૂ બિયરની બોટલો પકડી છે. બંગલામાંથી ૧૦ નંગ કોરોના બિયરની બોટલ મળી આવી હતી જ્યારે ૨ નંગ કિંગફિશરની બિયર મળી હતી. તે ઉપરાંત બંગલાની બહાર જે મર્સીડીસ ગાડી પડી હતી તેમાં તપાસ કરતા ગાડીમાંથી સુલા વિનિયાર્ડ વાઈન અને સુલા બ્રુટ રોઝ વાઈનની બોટલો મળી આવી હતી. આ તમામ દારૂ બિયરની બોટલો સીલ બંધ હતી જેને આ શખ્સોએ હજુ હાથ પણ અડાડ્યો ન હતો. મહેફિલ દરમિયાન તેમણે ત્રણ બીયરની બોટલ ખાલી કરીને મૂકી દીધી હતી. તે ઉપરાંત સુલા ડિન્ડોરી રિઝર્વની ત્રણ બોટલ ખાલી કરેલી પડી હતી. બ્લેક ડોગ ત્રીપલ ગોલ્ડ નામની સ્કોચની આખી બોટલમાંથી માત્ર ૫૦ એમએલ દારૂ જ વધ્યો હતો. બેલેન્ટાઈન વ્હિસ્કી સ્કોચની આખી બોટલ માંથી માત્ર ૨૫૦ એમ.એલ દારૂ જ મળ્યો હતો. બકાર્ડી વ્હાઈટ રમની મોટી બોટલમાં ૫૦૦ એમએલ દારૂ વધ્યો હતો. જ્યારે ગોલ્ડ લેબલ દારૂની આખી બોટલ માંથી ૩૦૦ એમ એલ દારૂ વધ્યો હતો. એટલે કે સાત શખ્સોએ મળીને ચિક્કાર દારૂ બિયર ઢીંચ્યો હતો. પોલીસે તમામ ખાલી બોટલ અડધી ભરેલી બોટલ અને સીલબંધ બોટલ જપ્ત કરી સ્થળ પરથી ત્રણ હુક્કા તથા ચાર ફ્લેવર જપ્ત કરી લીધા છે.

હાઈપ્રોફાઈલ મહેફિલમાં પકડાયેલા આરોપીઓ

પોલીસે દરોડો પાડીને પકડેલા હાઈપ્રોફાઈલ મહેફિલ કેસમાં છ આરોપીઓ છે. જેમાં એક અમદાવાદના કાંકરિયા વિસ્તારમાં રહેતો ગાયનેક ડોક્ટર ચિન્મય ચૈતન્ય પટેલ છે. તેના પિતા પણ જાણીતા ડોક્ટર છે. ચિન્મય પટેલ વિસ્મય શાહનો સાળો છે. બીજો આરોપી અમદાવાદનાં નહેરુનગર વિસ્તારમાં મોગલ સોસાયટીમાં રહેતો અને જાણીતા બીએમડબલ્યુ હિટ એન્ડ રન કેસનો સૂત્રધાર વિસ્મય અમિત શાહ છે. જે હાલ આ કેસમાં જામીન પર મુક્ત થયેલો છે અને તાજેતરમાં ૧૩ ડિસેમ્બરે જ તેના લગ્ન પૂજા અમીન સાથે થયા છે. હનીમૂન માટે વિદેશ જવા મંજુરી માટે તેણે હમણાં જ કોર્ટમાં અરજી કરી હતી જે અરજી કોર્ટે ફગાવી દીધી હતી. ત્રીજો આરોપી અમદાવાદના પાલડી વિસ્તારમાં રહેતો હર્ષિત દેવદત્ત મજમુદાર છે જે બિલ્ડીંગ- કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલો છે. ચોથો આરોપી અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતો મંથન શ્યામભાઈ ગણાત્રા છે. મંથન આર્કિટેક્ટ છે જ્યારે તેની માતા બી.જે હોસ્પિટલમાં ડિન હોવાનુ જાણવા મળ્યુ છે. આ ચાર યુવા આરોપીઓ ઉપરાંત બે યુવતીઓ પણ મહેફિલમાં પકડાઈ છે. જેમાં એક વિસ્મય શાહની પત્ની પૂજા વિસ્મય અમિન શાહ છે. પૂજા લો યુનિવર્સિટીમાંથી એલ.એલ.બી કરી રહી છે અને છેલ્લા વર્ષમાં અભ્યાસ કરી રહી છે. અને બીજી યુવતી અમદાવાદના પાલડી વિસ્તારમાં રહેતી તથા વીએસ હોસ્પિટલમાં ડોક્ટર તરીકે સેવા આપતી મીમાંસા કશ્યપ બુચ છે. મીમાંસાના પિતા પણ ભુજ ખાતે સિવિલ સર્જન હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આ તમામ આરોપીઓ સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બંગલામાં આ છ આરોપીઓ ઉપરાંત અન્ય એક યુવતી પણ મહેફિલમાં સામેલ હતી. આ રશિયન યુવતી ચિન્મયની પત્ની છે અને તેની પાસે લિકર પરમિટ હોવાને કારણે તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો નથી.

વિસ્મયે તેના સાળાના બંગ્લે જ પાર્ટી ગોઠવી દીધી

બંગલા પરથી રશિયન યુવતિ પણ પીધેલી હાલતમાં મળી

પોલીસે જે બંગલામાં દરોડો પાડ્યો છે તે બાલાજી કુટીર બંગલા નંબર ૬ ચિન્મય પટેલનો છે. પકડાયેલા ૬ આરોપીઓ પૈકી બે આરોપીઓ સાળો-બનેવી છે. જેમાં વિસ્મયનો સાળો ચિન્મય હોવાનુ જાણવા મળ્યુ છે. આ દરોડામાં એક રશિયન યુવતી પણ બંગલા પરથી પીધેલી હાલતમાં મળી આવી હતી પરંતુ તેની પાસે લિકર પરમીટ હોવાથી પોલીસે તેની સામે ગુનો દાખલ કર્યો નથી. મળતી માહિતી મુજબ આ રશિયન યુવતી વિસ્મયના સાળા ચિન્મયની પત્ની છે તાજેતરમાં જ તેમના પ્રેમ લગ્ન થયા છે અને હિન્દુ વિધિ પ્રમાણે હવે લગ્ન કરવાના હતા. મોટાભાગની દારૂની બોટલ આ રશિયન યુવતીની પરમિટ ઉપર જ લાવવામાં આવી હતી.

તમે મને ઓળખો છો? મારા જેવું દુઃખી કોઈ નથી : વિસ્મય શાહ

ગાંધીનગર પોલીસે બાલાજી કુટીરમાં મહેફિલ ચાલતી હોવાની બાતમીને આધારે રાત્રે દરોડો પાડ્યો અને આરોપીઓને પકડ્યા ત્યારે પોલીસને પકડાયેલા આરોપીઓ પૈકી એક યુવાને ભીની આંખે કહ્યું કે તમે મને ઓળખો છો? મારા જેવું દુઃખી કોઈ નથી. તમે મારું નામ તો સાંભળ્યું જ હશે. વિસ્મય શાહ..! ગાંધીનગર પોલીસે તેનો ચહેરો સરખો જોયો ત્યારે ખબર પડી કે રાજ્યભરમાં બહુચર્ચિત બીએમડબ્લ્યુ હિટ એન્ડ રન કેસનો મુખ્ય સૂત્રધાર વિસ્મય શાહ જ મહેફિલ કરતા પકડાયો છે. હિટ એન્ડ રનના કેસ બાદ વિસ્મય પોતે કેટલો હેરાન થઈ ગયો છે તેના ગાણા ગાઈને વિસ્મય તેમને છોડી દેવા પોલીસ સમક્ષ આજીજી કરતો રહ્યો હતો.